૧૨૨૨૦-૫૩

## ઇમેઇલ

ક્રમાંક:ઘ/અનદ-૨/૨૦૧૮-૧૯/
કમિશનરશ્રી, શાળાઓની કચેરી.,
૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા.૨૦ /૦૬/૨૦૧૮

## તાત્કાલિક/સમયમર્યાદા

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય:- સરકારી માધ્યમિક શાળા વર્ષ:૨૦૧૮ થી ધો-૯ અને ૧૦ના ક્રમિક/નવા વર્ગવધારાની મંજુરી બાબતે શાળાઓએ ભરવાના અરજી પત્રક મુજબની દરખાસ્ત મોકલવા બાબત.

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, રાજયની સરકારી માધ્યમિક શાળાઓના સને : ૨૦૧૮થી ક્રમિક/નવા વધારાના વર્ગો માટે શાળાઓ પાસે અરજી કરવા અંગે અરજીપત્રક મુજબની દરખાસ્ત મોકલવા અંગે આ સાથે નિયત નમૂનાનું અરજી પત્રક અને સ્થળ તપાસ અહેવાલની નકલ રાખેલ છે.

આપની કક્ષાએથી તા. ૨૧/૬/૨૦૧૮ થી તા.૨૭/૬/૨૦૧૮ સુધી આ સાથે સામેલ નિયત નમૂનાના અરજી પત્રકમાં અને અરજી પત્રકમાં દર્શાવેલ માન્ય આધારો સહિત અરજીઓ મેળવી નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરી ચકાસણી કર્યા બાદ સામેલ રાખેલ સ્થળ તપાસ અહેવાલ મુજબની સંપૂર્ણ વિગતો ભરી વ્યવસ્થિત ફાઇલ બનાવી તેના દરેક પાને ૧,૩,૫,૭ ક્રમ અનુસાર નંબર આપી , આપના સ્વયં સ્પષ્ટ અભિપ્રાય સહ અત્રેની કચેરીએ દરખાસ્ત મોકલી આપવાની રહેશે. આ અંગે નીચેની વિગતોને ખાસ ધ્યાને લેશો.

૧. દર વર્ષે સ્પષ્ટ સૂચના હોવા છતાં આપની કક્ષાએથી અધુરી માહિતીવાળી દરખાસ્તો અત્રે રજુ કરવામાં આવે છે. જેથી વિગતોની પુર્તતાઓ મંગાવવામાં જ ઘણો સમય વેડફાય છે. વળી વર્ગવધારાની મંજૂરી અંગેના નિયમો સ્પષ્ટ હોવા છતાં નિયમોનુસાર ન હો ય તેવી દરખાસ્તો પણ આપશ્રીની ભલામણ કરી મોકલી આપવામાં આવે છે. જે યોગ્ય નથી.

૨. આપની કચેરીમાં સમયસર કરવામાં આવેલી દરખાસ્તો કયારેક અત્રેની કચેરીને સમય મર્યાદા પૂરી થયા બાદ મોકલી આપવામાં આવે છે. મોડી આવતી દરખાસ્તો પરત્વે હવે પછી કોઇ નિર્ણય કરવામાં નહી આવે તેને તાત્કાલિક પરત કરવામાં આવશે. જેથી સંપૂર્ણ જવાબદારી આપની અંગત રહેશે.

૩. આપની કચેરીના કર્મચારીઓ કયારેક દરખાસ્તોને આ કચેરીની રજીસ્ટ્રી શાખામાં આપી જતાં રહે છે. જે યોગ્ય નથી દરેક કર્મચારી માધ્યમિક શાખાના રજીસ્ટરમાં દરેક ફાઇલ ફરજીયાતપણે

પરિપત્ર ફા.) ૨૦/૬

Scanned with CamScanner

નોંધાવશે તેની કાળજી લેશો માધ્યમિક શાખાના ટેબલ કારકુન શ્રી જી.એમ.વાઘેલા, શ્રેયાન કારકુન તેમજ શ્રી એમ.જે.ગાસાઇ , શ્રેયાન કારકુનને રૂબરૂમાં સુપ્રત કરવાની રહેશે.

૪. સદર કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવાની હોઇ, આપની કક્ષાએથી અંગત લક્ષ આપી સત્વરે મુદ્દામ માણસ સાથે દરખાસ્ત સવેળા/સમયમર્યાદામાં મોકલવાની રહેશે.

૫. આ સાથે સામેલ શાળાએ ભરવાના અરજી પત્રક મુજબની તમામ વિગતો ભરી દરખાસ્તો સાથે ફરજીયાત જોડવાની છે.

અધુરાશવાળી વિગતો હશે તો અત્રેથી ફરીથી પુર્તતા મંગાવવામાં આવશે નહીં. આપશ્રીની મોકલી આપેલ દરખાસ્ત ઉપર જ નિર્ણય લેવામાં આવશે જેથી સંપૂર્ણ ચકાસણી કરી કોઇને અન્યાય ન થાય તેની કાળજી લેશો.

**નોંધ : આર.એમ.એસ.એ. સિવાયની દરખાસ્ત મોકલી આપવાની રહેશે.**

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર

**બિડાણ : ઉપર મુજબ**

ક્રમાંક:પ્રાવિ.૨/મકમ/વ.વ./૨૦૧૮/૨૫૪૭૬-૫૨૧

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર
તા.૨૧/૦૬/૨૦૧૮

૨/- નકલ રવાના જાણ તથા **તા.૨૭/૦૬/૨૦૧૮** સુધીમાં નિયત નમુનાના અરજી પત્રકમાં અને અરજી પત્રકમાં દર્શાવેલ માન્ય આધારો સહિત દરખાસ્ત બે નકલમાં અત્રેની કચેરીમાં રૂબરૂ મોકલી આપવા જણાવવામાં આવે છે. ઉક્ત સમયમર્યાદા બાદ દરખાસ્ત સ્વીકારવામાં આવશે નહી. જેની ખાસ નોંધ લેવી.

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા-પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી માધ્યમિક અને ઉ.મા. શાળાઓ તમામ, જિ.બનાસકાંઠા.

Scanned with CamScanner

શાળાએ ભરવાનું ફોર્મ

# કમિશનર, શાળાઓની કચેરી, ગાંધીનગર

## સરકારી માધ્યમિક શાળાઓમાં જૂન-૨૦૧૮થી ધોરણ-૯ અને ૧૦ ના ક્રમિક/નવા વર્ગવધારા માટેનું અરજી પત્રક

જિલ્લો ☐

માંગેલ વર્ગવધારા / ક્રમિક વર્ગની વિગત ( લાગુ પડતામાં ટીક કરવાનું રહેશે )

ધોરણ-૯ ☐ ધોરણ-૧૦ ☐ માંગેલ વર્ગનો ક્રમ ☐

માંગેલ વર્ગનો પ્રકાર :- નવો વર્ગવધારો ☐ ક્રમિક વર્ગવધારો ☐

| ક્રમ | રજુ કરવાની માહિતી | વિગતો | માન્ય આધારો | ફાઈલ માં રજુ કરેલ આધારો ના પ્રાના નંબર |
|---|---|---|---|---|
| ૧ | શાળાનું પુરૂ નામ, સરનામુ તથા ફોન નંબર (શહેરી વિસ્તાર માટે વોર્ડ નંબર દર્શાવવાનો રહેશે. | નામ :<br>સરનામુ :<br>તાલુકો : જિ.<br>પીન કોડ નં.<br>ફોન નંબર | શાળાના લેટરપેડની પ્રમાણિત નકલ | |
| ૨ | શાળાનો ડાયસ કોડ નંબર | | | |
| 3 | શાળાનો ઇન્ડેક્ષ નંબર | | જે પત્રથી બોર્ડ ધ્વારા ઇન્ડેક્ષ નંબર ફાળવવામાં આવેલ હોય તેની નકલ | |
| ૪ | શાળાનો પ્રકાર (લાગુ પડતામા ટીક કરવાનું રહેશે. ) | (A) કુમાર ☐ કન્યા ☐ મિશ્ર ☐<br>(B) ઉ.બુ. ☐ વ્યવસાયલક્ષી ☐ સામાન્ય ☐<br>C) લઘુમતિ ☐ સામાન્ય ☐ | - શાળાનો મંજુરી પત્ર | |
| ૫ | શાળાનો વિસ્તાર (લાગુ પડતામા ટીક કરવાનું રહેશે. ) | (A) ગ્રામ્ય ☐ શહેરી ☐<br>(B) બિનઆદિજાતી ☐ આદિજાતિ ☐ ખાસ અંગભુત ☐ | A અને B માં દર્શાવેલ વિસ્તાર માટે સક્ષમ સત્તાધિકારીનું | |



Scanned with CamScanner

- ૧૦ ના ક્ર...

## શાળાએ ભરવાનું ફોર્મ

| | | | | |
|---|---|---|---|---|
| | | | (તલાટી/મામલતદાર/ ટીડીઓ/કલેક્ટર) પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. | |
| ૬ | જો શાળા શહેરી વિસ્તારમાં આવેલ હોય તો શાળા જે વોર્ડમા આવેલ હોય તેની વસ્તીનુ પ્રમાણ | | કોર્પોરેશનના સક્ષમ સત્તાધિકારીશ્રીના સહી સિક્કા સાથેની વિગતો રજુ કરવાની રહેશે. | |
| ૭ | શાળાએ જે માધ્યમ માટે વર્ગવધારો માંગેલ હોય તે માધ્યમની વિગત ( ગુજરાતી/ અંગ્રેજી/ હિન્દી/ઉર્દુ/મરાઠી/અન્ય) | | શાળાનો મંજુરી પત્ર | |
| ૮ | જે ધોરણનો વર્ગ માંગેલ હોય તે ધોરણના વિદ્યાર્થીઓની રજીસ્ટર્ડ સંખ્યા | | હાજરી પત્રકની નકલ | |
| ૯ | શાળાના માન્ય વર્ગોમાં ગત શૈક્ષણિક વર્ષ દરમ્યાન વિધાર્થી પ્રવેશ સંખ્યાની સામે સરાસરી હાજરી | ધોરણ \| સરાસર હાજરી (%)<br>૯ \|<br>૧૦ \| | દૈનિક આંકડા બુકની નકલ | |
| ૧૦ | નવા/ક્રમિક વર્ગવધારા માટે શાળા પાસે વર્ગખંડ ઉપલબ્ધ છે. ? ( હા /ના)<br>જો હા તો વર્ગખંડનું ક્ષેત્રફળ કેટલું છે. ? | | વર્ગખંડનો સ્ટ્રકચરલ એન્જીનીયર ધ્વારા પ્રમાણિત નકશો. | |
| ૧૧ | શાળામાં વર્ગવધારા અન્વયે નવુ બાંધકામ કરેલ હોય તો બી.યુ. પરમીશન મેળવેલ છે કે કેમ? (હા/ના) | | બી.યુ.પરમીશનની નકલ શાળાના મકાનના બાહય દેખાવનો ફોટોગ્રાફ | |
| ૧૨ | જુના મકાનમાં વર્ગવધારા અર્થે નવા ઓરડાનું બાંધકામ કરેલ હોય તો સ્ટ્રકચરલ એન્જીનીયરનું પ્રમાણપત્ર મેળવેલ છે કે કેમ ? ( હા/ના) | | સ્ટ્રકચરલ એન્જીનીયરનું પ્રમાણપત્ર/ શાળાના મકાનના બાહય દેખાવનો ફોટોગ્રાફ | |
| ૧૩ | શાળામાં રમતગમતનું મેદાન પ્રવર્તમાન જોગવાઇ મુજબનું છે કે કેમ ?( લાગુ પડતામાં ટીક કરવું.) | હા ☐ ના ☐<br>- જો હા તો પોતાનું ☐ ભાડાનું ☐<br>- મેદાનનું ક્ષેત્રફળ .............................. | - જો મેદાન પોતાનું હોય તો૭/૧૨ અથવા ૮ અ ના ઉતારાની નકલ<br>- જો મેદાન ભાડાનું હોય તો ભાડા કરારની અધતનની નકલ | |



Scanned with CamScanner

<table>
<tr>
<td>૧૪</td>
<td>શાળામાં ઉપલબ્ધ શૌચાલયની વિગતો</td>
<td>
<table>
<tr><th>શૌચાલયનો પ્રકાર</th><th>યુનિટની સંખ્યા</th></tr>
<tr><td>કુમાર માટે</td><td></td></tr>
<tr><td>કન્યા માટે</td><td></td></tr>
<tr><td>સ્ટાફ માટે</td><td></td></tr>
<tr><td>કુલ</td><td></td></tr>
</table>
</td>
<td>યોગ્ય પરિસ્થિતિ દર્શાવતા બે ફોટો ગ્રાફ અને આચાર્યનું પ્રમાણપત્ર</td>
<td></td>
</tr>
<tr>
<td>૧૫</td>
<td>શાળાના ધોરણ-૧૦ના છેલ્લાં ત્રણવર્ષના પરિણામની સરેરાશ (રેગ્યુલર વિદ્યાર્થી સંખ્યાના આધારે)</td>
<td>
<table>
<tr><th>વર્ષ</th><th>SSC બોર્ડનું પરિણામ</th><th>ત્રણ વર્ષના પરિણામની સરેરાશ</th></tr>
<tr><td>૨૦૧૬</td><td></td><td rowspan="3"></td></tr>
<tr><td>૨૦૧૭</td><td></td></tr>
<tr><td>૨૦૧૮</td><td></td></tr>
</table>
</td>
<td>બોર્ડના પરિણામની નકલ અને આચાર્યનું પ્રમાણપત્ર</td>
<td></td>
</tr>
</table>

નોંધ : ઉકત અરજી પત્રકમાં દર્શાવેલ ક્રમ મુજબ જ આનુષાંગિક આધારો ફાઇલમાં મૂકવાના રહેશે.

તારીખ :

સ્થળ :

સહિ/સિક્કો

આચાર્યશ્રી



Scanned with CamScanner